Registration No.: RCS/125/2015
Filing No.: RCS/125/2015
Filed On: 07/05/2015
Registered On : 07/05/2015

**IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 125 OF 2015.**

**RCS/125/2015**

**Plaintiff :**

1. TRUSTEES OF DABHOYA GNATI PUNCH MASJID 1
   ABDUL KARIM AHEMADJI DABHOIWALA
   AT JAMBUSAR, BHAGLIWAD,
   JAMBUSAR

2. DILAVAR RAJEBHAI DABHOIWALA
   AT JAMBUSAR, JALLALPURA,
   JAMBUSAR

3. SHAKIL ISHMILE DABHOIWALA
   AT JAMBUSAR, TALAVPURA,
   JAMBUSAR

4. YUSUF AHEMAD PIRBHAI
   AT JAMBUSAR, TALAVPURA,
   JAMBUSAR

5. NISHARBHAI IBRAHIMBHAI
   AT JAMBUSAR, JALLALPURA,
   JAMBUSAR

6. IBRAHIM NURBHA DABHOIWALA
   AT JAMBUSAR, TALAVPURA,
   JAMBUSAR

7. FATEMOHMAD ABDULKARIM

**AT JAMBUSAR, TALAVPURA,**
**JAMBUSAR**

**VERSUS**

**Defendant :**

1. **ABDUL AADAM VALI PATEL**
   **AT JAMBUSAR, JALLALPURA, SUTHARWADI**
   **JAMBUSAR**

Appearance:
B.R.CHOKSHI For Plaintiff 1

M.I.DOLA For Defendant 1

---

**– : આંક–૫ લગત હુકમ : –**

1. વાદીઓની આંક–પની અરજીની હકીકત ટૂંકમાં એવી છે કે,

મોજે જંબુસર મધ્યેની જલાલપુરા વિસ્તારમાં આવેલી નીચેની વિગતની મિલકત આવેલી છે.

લોટ – અ

મિલકત – ૧ જેનો સી.સ.નં.૬૮૧ છે, જેનું ક્ષેત્રફળ  છે, જેની ચતુર્દિશા નીચે મુજબ છે.

પૂર્વ : સીટી સર્વે નં.૬૪૮, ૬૪૫ તથા ૬૪૪ની મિલકતો આવેલી છે.

પશ્ચિમ : ૬૭૮ તથા ૬૭૯ની મિલકતો આવેલી છે

ઉત્તર : પશ્ચિમ તરફ ૬૭૫ તથા ઉત્તર તરફ ૬૭૪ તેમજ સદરમિલકતનો મુખ્ય રસ્તો મુકી લાગુ માર્ગ આવેલ છે.

દક્ષિણ : લાગુ માર્ગ આવેલ છે.

લોટ – બ

સીટી સર્વે નં.૬૭૪ની મિલકત આવેલી છે, જેની ચતુર્દિશા નીચે મુજબ છે.

પૂર્વ : સરકારી રસ્તાની જગ્યા આવેલી છે.

પશ્ચિમઃ સીટી સર્વે નં.૬૭૫ની મિલકત આવેલી છે.

ઉત્તર : રાજમાર્ગ છે.

દક્ષિણ : વાદીની ૬૮૧ લોટ–અ વાળી મિલકત આવેલી છે.

2. વાદી તેની આંક–૫ની અરજીમાં વધુમાં જણાવે છે કે, પેરા–૧માં લોટ–અથી જણાવેલ મિલકત એ ડભોયા જ્ઞાતિ પંચની માલિકીની મિલકત છે, સદર ડભોયા જ્ઞાતિ પંચના નામથી ટ્રસ્ટ આવેલું છે, હાલ ગુજરાત રાજયમાં મુસ્લીમ ટ્રસ્ટ માટે વકફ બોર્ડની રચના કરવામાં આવેલી છે અને બધા મુસ્લીમ ટ્રસ્ટની નોંધણી વકફ બોર્ડમાં કરવાની ચાલી રહેલ છે, જે આધારે ડભોયા જ્ઞાતિ પંચની નોંધણી પણ વકફ બોર્ડ, ગાંધીનગર મુકામે કરવાની કાર્યવાહી ચાલુ કરેલ છે, વાદીએ ડભોયા જ્ઞાતિ પંચના ટ્રસ્ટ્રીઓ છે અને હાલનો દાવો વાદીઓએ ડભોયા જ્ઞાતિ પંચના ટ્રસ્ટીઓ તરીકે કરેલ છે.

3. વાદી તેની આંક–૫ની અરજીમાં વધુમાં જણાવે છેકે,લોટ–અ થી જણાવેલ મિલકતમાં મસ્જીદ તથા મદ્રસા આવેલ છે અને સદર મિલકતમાં એક હોલ પણ બનાવેલ છે, જેનો ઉપયોગ ધાર્મિક તથા સામાજીક પ્રસંગોએ કરવામાં આવે છે, સદર મિલકમાં જવા–આવવાનો મુખ્ય માર્ગ સદર મિલકતની ઉત્તરે આવેલો છે અને ત્યાંથી જઈ લાગુ માર્ગે ઉભા થઈ અવર–જવર કરે છે અને સદર રસ્તાઓથી મસ્જીદમાં નમાઝ પઢવા આવનાર તથા મદ્રસામાં આવનાર ઈસમો તથા ધાર્મિક–સામાજીક પ્રસંગોમાં આવનાર ઈસમો અવરજવર કરે છે, સદર મિલકત ટ્રસ્ટની વકફ બોર્ડમાં નોંધાયેલ મિલકત છે અને સદર મિલકત શરીયત મુજબ ખુદાની મિલકત ગણાય અને તેવી મિલકત ઉપરકોઈનો કોઈપણ પ્રકારનો અતિક્ર મણ કરવાનો અધિકાર નથી.

4. વાદી તેની આંક–૫ની અરજીમાં વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી લોટ–બ વાળી મિલકતના માલિક છે, તેઓ તેમની મિલકત જમીનદોસ્ત કરી બનાવી રહેલ છે અને પ્રતિવાદીએ આખી મિલકતના પુર્વ તરફ વાદી ટ્રસ્ટની મિલકતમાં વાપર ઉપભોગ

કરવામાં અંતરાઈ, અટકાવ, અવરોધ થાય તે રીતે આશરે ૩ ફુટની ઉત્તર–દક્ષિણ, તેઓના મકાનની લંબાઈ બરાબરનું પૂર્વ તરફ ભોંયતળીયાના ભાગે દબાણ કરવાની પેરવી કરતા , તે બાબતે નગરપાલિકામાં તપાસ કરતા, પ્રતિવાદીએ તેઓના મકાનના બંધકામ માટે કાયદા મુજબ પ્લાન–એસ્ટીમેન્ટ રજુ કરી કોઈ પરવાનગી લીધા સિવાય ગેરકાયદેસર બાંધકામ કરી રહેલાનું તેમની જાણમાં આવતા વાદી ટ્રસ્ટે મુખ્ય અધિકારીશ્રી, જંબુસરનાઓએ વારંવાર અરજીઓ આપવા છતાં કોઈ અગમ્ય કારણોસર જંબુસર નગરપાલિકા તરફથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી.

5. વાદી તેની આંક–પની અરજીમાં વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીને કરેલ ગેરકાયદેસરનું બાંધકામ દુર કરવા માટે તા.૬–૫–૧૪ના રોજ રુબરુ જણાવતાં પ્ર તિવાદી માનેલા નહીં અને ઉલટમાં થાય તે કરી દેવાની ધમકી આપેલી. આમ પ્ર તિવાદી તેઓએ આપેલી ધમકી મુજબ રસ્તા પૈકીની જગ્યા ઉપર વાદીની મિલકતનો વાપર–ઉપભોગ કરવામાં અડચણ, અવરોધ થાય તે રીતે ઝુલતા છજા સ્વરુપનું બાંધકામ કરે તો તેવું છજુ કાઢવાના કારણે પાણી તથા કચેરો વાદીના જવા–આવવાના રસ્તા ઉપર પડે અને વાદીની મિલકત ઉપર આવેલ મસ્જીદના મિનારા પણ ઢંકાઈ જાય અને તેમ થાય તો વાદી ટ્રસ્ટની મિલકતની કોઈ કિંમત રહે નહીં અને વાદી ટ્રસ્ટને નુકશાન થાય, તેનો બદલો નાણામાં મળી શકે નહીં. જેથી વાદીએ હાલની અરજી કરી છે તેમ જણાવી એવી દાદ માંગેલ છે કે,

6. (અ) પ્રતિવાદીએ પેરા–૧માં લોટ–બથી જણાવેલ સી.સ.નં. ૬૭૪ની પૂર્વ તરફ રસ્તાની જગ્યામાં દબાણ થાય તે રીતે પૂર્વ–પશ્ચિમ ૩–ફુટ અને ઉત્તર–દક્ષિણ તેઓના મકાનની લંબાઈ પ્રમાણેનું જે બાંધકામ કરી લઈ તેઓના હકક અને હદની ઉપરાંતનું બાંધકામ કરેલ છે તેમજ કાયદાનો ભંગ કરી બાંધકામ કરેલ છે, જેથી પ્ર તિવાદીનું બાંધકામ તાત્કાલીક દુર કરી સદર જગ્યા ખુલ્લી કરી, વાદીની લોટ–અવાળી મિલકતમાં રસ્તા પર થઈ જવા–આવવામાં કરેલ અંતરાઈ તાત્કાલીક દુર કરે અને સદર જગ્યા ખુલ્લી કરે તેવો પ્રતિવાદીને દરમ્યાન મનાઈહુકમ

ફરમાવશોજી.

(બ) આ કામના પ્રતિવાદી જાતે અગર તેમના માણસ કે એજન્ટ મારફતે લોટ–બવાળી સી.સ.નં.૬૭૪ની પૂર્વ તરફ પ્રથમ માળે ઝુલનું છજા સ્વરુપનું વાદીની લોટ–અ વાળી મિલકતના જવા–આવવાના રસ્તા ઉપર પડે તે રીતે કોઈ બાંધકામ કરે–કરાવડાવે નહી તેવો પ્રતિવાદીઓનો દરમ્યાન મનાઈહુકમ ફરમાવશોજી.

(ક) આ અરજીના તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

(ડ) નામ. કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી હરકોઈ દાદ અપાવશો.

7. વાદીની ઉપરોકત મનાઈઅરજી આવતાં પ્રતિવાદીઓ સામે અરજન્ટ કારણ દર્શક નોટીસ કાઢવામાં આવેલી, જે પ્રતિવાદીએ તેમના વકીલ મારફતે કોર્ટ રુબરુ ઉપસ્થિત રહી વાદીની આંક–પની અરજી વિરુઘ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૧૮થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, જંબુસર સી.સ.નં.૬૮૧ની મિલકત ડભોઈયા મસ્જીદી છે તેવું રેકર્ડ પર ચાલે છે તે સબંધી કોઈ તકરાર નથી, સી.સ.નં. ૬૭૪ની પૂર્વ બાજુ તેઓનું મુખ્ય બારણું આવેલું છે, તેઓ ખેડૂત છે અને ખેતીના સાધનો રાખે છે અને તે ચોકચાલસામુ સી.સ.નં. ૬૪૮ની મિલકત આવેલી છે, તે ચોકચાલમાં રહીને મસ્જીદની મિલકતમાં જવા માટે બારણું આવેલ છે, પરંતુ તે ચોકચાલનો વ્યાજબી વાપર ઉભોગ કરવાનો તેઓને અધિકાર છે અને સી.સ.નં.૬૭૪ના દરજાની સાથે સી. સર્વે નકશામાં દરવાજાની સાથે લીટી સુધીની જગ્યા તેમની માલિકીની છે, તેમાં પહેલાં ઓટલા હતો તેને હવે બાંધકામમાં લઈ લીધેલ છે અને બાંધકામ ચાલુ છે, તેમજ તેમના ઘરની આગળની જગ્યા પર જે ઓટલો હતો તે ઓટલાની માલિકી કબજો ભોગવટો તેઓનો છે, પ્રતિવાદીઓની માલિકી નથી, તેઓની મિલકમાં તેઓને બાંધકામ કરવાનો અધિકાર છે અને તેઓ તેમના હકક અને હદની જગ્યામાં બાંધકામ કરવા માંગે છે તેમજ તેઓને તેમની મિલકતની પૂર્વ બાજુ અને ઉત્તર બાજુ છજુ કાઢવાો પણ અધિકાર છે, વાદીઓ મસ્જીદ ઓઠા હેઠળ તેમની મિલકત લઈ લેવા માંગે છે, તેઓ મસ્જીદમાં

નમાજીઓને આવવા–જવાં અડચણરુપ થાય તેવું કોઈ કૃત્ય કરવા માંગતા નથી, સામાજના માણસોએ બેસીને નિકાલ પણ કરેલો અને પાછળથી ફરી જઈને તેઓને દબાવવા ખોટો દાવો કરેલો છે. વાદીઓ ચોકચાલની જગ્યામાં હોલના નામે કોઈ ગંદકી કરે–કરાવે નહિ કે અડચણ ઉભી થાય તેવું કોઈ કૃત્ય કરે–કરાવે નહીં કે તેઓને વ્યાજબી વાપર ઉપયોગ  કરતા દખલ કે અંતરાય કરે–કરાવે નહિ તે માટે તેઓએ જુદો કાઉન્ટર કલેઈમ આપેલો છે. દાવા અરજી તથા મનાઈ અરજીમાં વાદીઓએ અસલ સહીઓ કરેલ નથી અને અમુકની સહીઓ કોઈએ કરી દીધેલ હોય તેની ચકાસણી કરી ઈન્કવાયરી કરી ક્રિ. પ્રો. કોડની કલમ–૧૯૫ હેઠળ તેની તપાસ કરી તે જ કાયદાની કલમ–૩૪૦ હેઠળ ઈન્કવયારી કરી યોગ્ય હુકમ કરશો. કાયદા મુજબ દરેકને લાગુ માર્ગ કે ચોકચાલની જગ્યામાં છજુ કાઢવાનો અધિકાર છે તે તે રીતે ચોકચાલની રુએ તેઓ છજુ કાઢવા માંગે છે અને મસ્જીદના મિનારા ઢંકાઈ જાય તેવી રીતે તેઓ છજુ કાઢવા માગતા નથી.

8. વધુમાં પ્રતિવાદીના તેના લેખીત જવાબમા સાચી હકીકત જણાવતાં જણાવે છે કે, પ્ર તિવાદી તથા તેઓના વડીલોની સીટી સર્વે નં. ૬૭૪નીતથા ૬૭૫ની મિલકત આવેલી છે, સી.સ.નં. ૬૭૫ તેઓના ભાઈ ઈબ્રાહીમના નામે ચાલે છે અને સી.સ.નં ૬૭૪ તેઓના નામે ચાલે છે, સને ૧૯૦૭ના દસ્તાવેજમાં મસ્જીદના વંઢા આગળ ઢોરો બાંધવાની જગ્યા છે, તેમની મિલકતના પૂર્વ તથા ઉત્તર તરફ દરવાજા આવેલા છે, પરંતુ ઉત્તર તરફજાહેર રસ્તો આવેલો છે, જયારે પૂર્વ તરફનો રસ્તો મુકી ચોકચાલ આવેલો છે અને ચોકચાલની મિલકતનો સી.સ.નં.૬૪૮ને પણ વ્યાજબી વાપર ઉપભોગનો હકક છે અને ડભોઈયા મસ્જીદના જમાઝીઓને તથા મસ્જીદમાં જવા–આવવા માટે જે દરવાજો મુકેલ તેમાં ચોકચાલમાં રહીને વ્યાજબી રીતે તેઓને પણ આવવા– જવાનો અધિકાર છે, તેઓ કોઈને રોકટોક કરતાં નથી, મસ્જીદના હોલની આવક તેઓ ઉભી કરે છે તેમજ ત્યાં ગંદકી કરે છે અને પાર્કીગ કરી ન્યુસન્સ ઉભું કરે છે, તેઓ તેમના હકક અને હદની જગ્યામાં બાંધકામ કરવા માંગે છે અને તેમ કરતા અટકાવવાનો વાદીને કોઈ અધિકાર નથી.સદર તમામ

હકીકતો જણાવી પ્રતિવાદીએ વાદીઓની મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરી પોતાને કોમ્પનસેટરી કોસ્ટ રૂા. ૧૦,૦૦૦/– વાદી પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

9. વાદી તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

(૧) નિ. ૩/૧થી સી.સ.નં. ૬૭૪, ૬૭૫, ૬૭૮, ૬૭૯, ૬૮૧ની પ્રોપર્ટીનો સ્થળસ્થિતિ દર્શાવતા નકશાની ઝેરોક્ષ નકલ,

(૨) નિ. ૩/૨થી વાદીઓએ પ્રતિવાદી સામે નગરપાલિકામાં આપેલ અરજી,

(૩) નિ. ૩/૩થી વાદીઓએ પ્રતિવાદી સામે નગરપાલિકામાં આપેલ અરજી

(૪) નિ. ૩/૪થી સીટી સર્વે નં. ૬૭૪ના પ્રોપર્ટી કાર્ડની નકલ,

(૫) નિ. ૧૦/૧થી કોર્ટ કમીશ્નરશ્રીએ પક્ષકારોને આપેલ અસલ નોટીસ,

(૬) નિ. ૧૦/૨થી દાવાવાળી જગ્યાનો નકશો,

(૭) નિ. ૧૦/૩થી દાવાવાળી જગ્યાનું પંચનામું,

(૮) નિ. ૧૦/૪થી પક્ષકારોની હાજરીનું પુરસીસ.

(૯) આંક–૨૩થી કોર્ટ કમીશ્નર અને મેન્ટેનન્સ સર્વેયર–૧નો રીપોર્ટ,

(૧૦) નિ. ૨૩/૨થી પંચનામું,

(૧૧) નિ. ૨૩/૩થી નકશો.

10. આ કામે પ્રતિવાદી તરફે આંક–૧૯ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૧) નિ. ૧૯/૧થી સીટી સર્વે નં. ૬૭૪ના પ્રોપર્ટી કાર્ડની નકલ,

(૨) નિ. ૧૯/૨થી સી.સ.ન. ૬૭૫, ૬૭૪નો સર્ટી સર્વે ઓફીસનો નકશો,

(૩) નિ. ૧૯/૩થી વેચાણખતની ઝેરોક્ષ.

11. વધુમાં પ્રતિવાદીએ આંક–૨૧થી કાઉન્ટર કલેઈમની અરજી આપી એવી દાદ માંગેલ છે કે, વાદીઓ તેમની મિલકત સી.સ.નં. ૬૭૪ની પૂર્વ તરફ જે ચોકચાલ આવેલ છે તે ચોકચાલની જગ્યામાં વાદી ગાડું છોડે, બળદ બાંધ,

આવજા કરે અને વ્યાજબી વાપર ઉપયોગ કરે તેમાં વાદીઓ અટકાવ કે અવરોધ કરે–કરાવે નહીં તેમજ વાદીઓ જાતે કે તેમના માણસો કે નોકરો મારફતે જે હોલ કરેલ છે ત્યાં ચોકચાલની જગ્યામાં ગંદકી કરી વાહનો મુકી ન્યુસન્સ ઉભું કરે–કરાવે નહીં તેવો જાથુનો મનાઈહુકમ ફરમાવશોજી.

12. ત્યારબાદ આ કામે  વાદી તર્ફે વિ.વ.શ્રી બી. આર. ચોકસી ની મૌખિક દલીલો તથા પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી એમ. આઈ. દોલાની આંક–૨૬થી રજૂ થયેલ લેખિત દલીલો ધ્યાનમાં લેવામાં આવેલ છે.

13. પક્ષકરોનાં ઉપરોકત પક્ષનિવેદનોનાં આધારે મારાં નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

14. ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

15. ઉપરોકત મુદાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

મુદા નં ૧, ૨ અને ૩ ના નિર્ણયોની ચર્ચા એકસાથે કરવાથી એકની એક હકીકતોનુ પુનરાવર્તન ટાળી શકાય તેવુ જણાઇ આવતા મુદા નં ૧, ૨

અને ૩ ના તારણોની ચર્ચા અત્રેથી એકસાથે કરેલ છે.

16. આ કામે વાદીઓનો દાવો અને તેમના સમર્થન માં તેમણે રજુ કરેલ આંક–૩ વાળા લીસ્ટ અન્વયેના આધારો પૈકીના આધારો તપાસવામાં આવેતો આ કામે વાદીએ પોતાની દાવા અરજી સાથે માર્ક ૩/૧ થી સી.સ.નં. ૬૭૪, ૬૭૫, ૬૭૮, ૬૭૯, ૬૮૧ની પ્રોપર્ટીનો સ્થળસ્થિતિ દર્શાવતા નકશાની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે. માર્ક ૩/૨ થી વાદીઓએ પ્રતિવાદી સામે નગરપાલિકામાં આપેલ અરજી ની નકલ રજૂ કરેલ છે. માર્ક ૩/૩ થી વાદીઓએ પ્રતિવાદી સામે નગરપાલિકામાં આપેલ અરજી ની નકલ રજૂ કરેલ છે. સદર અરજીમાં જણાવવામાં આવેલ છે કે '' જલાલપુરા વિસ્તારમાં ધાર્મિક સ્થળ ડભોઈવાળા જ્ઞાતિ પંચની મસ્જીદ તેમજ મદ્રસા આવેલ છે. જે મિલ્કત વકફ બોર્ડ નોંધાયેલ વકફ મિલ્કત છે. જેનો રસ્તોસદર ગેરકાયદેસર બાંધકામ કરતા શ્રી અબ્દુલભાઈ આદમભાઈ કરી રહેલા જે બાબતે હમોએ જાવક નં.૨૧૪, તા.૨–૦૫–૨૦૧૫ થી જંબુસર નગરપાલિકામાં ડભોઈવાલા મસ્જિદ લેટર ઉપર બાંધકામ અટકાવવા માટે લેખિતમાં આપેલ તેમ છતા સદર ઈસમે બાંધકામ ચાલુ રાખેલ છે. અને વકફ મિલ્કતમાં જવા આવવામાં અડચણરૂપ માલ સામાન અને ઓટો રીક્ષા રાખી મસ્જિદમાં આવતા જતા નમાઝીઓને આવવા જવામાં મુશ્કેલીઓ પડે છે. સદર મિલ્કત વકફ છે અને ધાર્મિક હોય તાત્કાલીક ગેરકાયદેસર પરવાનગી તથા માપણી કર્યા વગર બાંધકામ કરી રહેલા હોય તાત્કાલીક બાંધકામ બંધ કરાવી માપણી કરાવી પરવાનગી લીધા સિવાય બાંધકામ કરે નહિ તેવી કાર્યવાહી કરવા વિનંતી.'' મુજબની અરજી

જંબુસર નગરપાલિકા, જંબુસર ને કરેલ છે. નિ.૧૦/૨ થી કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ નકશો રજૂ કરેલ છે. નિ.૧૦/૩ થી રજૂ દાવાવાળી જગ્યાનુ પંચનામુ કોર્ટથી નિમાયેલ કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ છે. નિ. ૧૦/૪થી દાવાવાળી મિલ્કતની સ્થળસ્થિતીનો નકશો અને પંચનામા વખતે હાજર રહેલ પક્ષકારોની હાજરીનું પુરસીસ રજૂ કરવામાં આવેલ છે.

17. આ દાવાના કામે સૌથી અગત્યનો પુરાવો કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર-૧ દ્વારા આંક-૨૩ના લીસ્ટથી કરવામાં આવેલ નકશો અને પંચનામું છે. માર્ક ૨૩-૩ થી કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર-૧ દ્વારા કરવામાં આવેલ નકશો ધ્યાને લેવામાં આવેતો તેઓએ મોજે જંબુસર તા. જંબુસર જી.ભરૂચના જલાલપુરા વિસ્તારની સરકારી તથા સી.સ.નં.૬૭૪ ની જમીનમાં થયેલલ દબણની સ્થળસ્થિતી દર્શાવતો નકશો રજૂ કરેલ છે. જેની સમજૂતીમાં તેઓએ જણાવેલ છે કે '' ભાગ નં-૧ સદરહુ લાલ રંગથી દર્શાવેલ ભાગ નં ૧ વાળી સરકારી જમીનમાં સી.સ.નં.૬૭૪ ના માલીકએ પાકુ બાંધકામ કરી દબાણ કરેલ છે જેનુ ક્ષેત્રફળ ૦૫-૬૧ ચો.મી. થાય છે. ભાગ નં-૨ સદરહુ લાલ રંગથી દર્શાવેલ ભાગ નં ૨ વાળી સરકારી જમીનમાં સી.સ.નં.૬૭૪ ના માલીકની આવેલ છે તેમાં લાગુ સી.સ.નં. ૬૮૧ ના માલિકોએ એ પાકુ બાંધકામ કરી દબાણ કરેલ છે જેનુ ક્ષેત્રફળ ૦૨-૬૭ ચો.મી. થાય છે.''

18. આમ, સદરહુ કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર-૧ દ્વારા આંક-૨૩ના લીસ્ટથી કરવામાં આવેલ નકશો

ધ્યાને લેતા આ તબક્કે સ્પષ્ટ થાય છે કે આ કામના વાદી અને પ્રતિવાદી બંન્ને દ્વારા પાકુ બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીએ સરકારી જમીનમાં પાકુ બાંધકામ કરી દબાણ કરેલ છે જેનુ ક્ષેત્રફળ ૦૫–૬૧ ચો.મી. થાય છે. જ્યારે આ કામના વાદી દ્વારા પ્રતિવાદીની જમીનમાં પાકુ બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ છે, જેનુ ક્ષેત્રફળ ૦૨–૬૭ ચો.મી. થાય છે.

19. નામ. સર્વોચ્ચ અદાલતે Sec., U.P.S.C. & Anr. — Appellants versus S. Krishna Chaitanya — Respondent [2011] 8 **Supreme** 148/ [2011] 0 **AIR**(**SC**) 3101/ [2011] 14 **SCC** 227/ [2011] 4**JLJR**(**SC**) 122/ [2011] 0 **Supreme**(**SC**) 7352011 (8) **Supreme** 148 ના કેસમાં પેરા ૨૭ માં ઠરાવેલ છે કે 27. "**We may add here that this Court has observed time and again that an interim order should not be of such a nature that by virtue of which a petition or an application, as the case may be, is finally allowed or granted even at an interim stage. We reiterate that normally at an interlocutory stage no such relief should be granted that by virtue of which the final relief, which is asked for and is available at the**

**disposal of the matter is granted**. "

20. આ કામના પ્રતિવાદી દ્વારા નિ.૧૯/૧ થી સી.સ.નં.૬૭૪ ની પ્રોપર્ટી કાર્ડની નકલ રજૂ કરવામાં આવેલ છે. નિ.૧૯/૨ થી સી.સ.નં ૬૭૪,૬૭૫ ના સી.સ.ના નકશાની નકલ રજૂ કરવામાં આવેલ છે. નિ.૧૯/૪ થી વેચાણ દસ્તાવેજ ની નકલ રજૂ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી દ્વારા નિ.૨૭/૧ થી કોર્ટના રજીસ્ટ્રાર રૂબરૂ એફીડેવીટ કરવામાં આવેલ છે. સદર એફીડેવીટમાં કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર-૧ દ્વારા આંક-૨૩ના લીસ્ટથી કરવામાં આવેલ નકશામાં જણાવેલ દબાણ વિશે રજૂઆત કરવામાં આવેલ છે.

21. આ દાવાના કામે આંક-૧ ની દાદ અને આંક-૫ ની મનાઈ અરજીની દાદ જોવામાં આવે તો બંને દાદ આદેશાત્મક શ્વરૂપની અને સરખી જણાય છે. સદરહુ આંક-૫ ની દાદ ધ્યાને લેવામાં આવેતો આ કામના વાદી દ્વારા જણાવવામાં આવેલ છે કે, ‘‘આ કામના પ્રતિવાદી એ અરજીના પેરા-૧ માં લોટ-બ થી જણાવેલ સી.સ. નં. ૬૭૪ની પૂર્વ તરફ રસ્તાની જગ્યામાં દબાણ થાય તે રીતે પૂર્વ-પશ્ચિમ-૩ ફૂટ, અને ઉતર દક્ષિણ તેઓના મકાનની લંબાઇ પ્રમાણેનુ જે બાંધકામ કરી લઇ તેઓના હક્ક અને હદની ઉપરાંતનુ બાંધકામ કરેલ છે તેમજ કાયદાનો ભંગ કરી બાંધકામ કરેલ છે જેથી પ્રતિવાદી તેવુ બાંધકામ તાત્કાલીક દૂર કરી સદર જગ્યા ખુલ્લી કરી, અમો વાદીની લોટ અ વાળી મિલ્કતમાં રસ્તા પર થઇ

જવા આવવામાં કરેલ અંતરાય તાત્કાલીક દૂર કરે તેવો પ્રતિવાદીને દરમ્યાન મનાઇ આદેશ ફરમાવશોજી.''

22. આમ, આ દાવાના કામે માનઇ હુકમની અરજી સંદર્ભે આ કામના વાદી દ્ધારા માંગવામાં આવેલ દાદ  આદેશાત્મક શ્વરૂપની છે જેથી સદર દાદ પર ન્યાય નિર્ણય કરતા પહેલા પુરાવાઓ લેવા ન્યાયોચિત છે. પુરાવાઓ લીધા પહેલા આવા પ્રકારની દાદ મંજૂર કરી શકાય નહિ. કારણકે દબાણ થયુ છે કે કેમ તે પુરાવાનો વિષય છે. ઉપરાંત આ દાવાના કામે તેમજ માનાઇ અરજીના કામે આ કામના વાદી દ્ધારા એકજ પ્રકારની દાદ માંગવામાં આવેલ છે, જેથી પણ આ પ્રકારની દાદ આ તબક્કે મંજૂર થઇ શકે નહિ. કારણ કે જો આ પ્રકારની દાદ આ તબક્કે મંજૂર કરવામાં આવે તો દાવામાં વર્ણવેલી દાદ મંજૂર થાય તેમ છે.

23. આ ઉપરાંત વચગાળાના મનાઇહુકમ મેળવવાના ત્રણ મૂળ તત્વો પૈકી વાદીનો પ્રથમ દર્શનીય કેસ પણ આ તબક્કે પુરાવાઓ લીધા સિવાઇ પુરવાર થઇ શકે નહિ. કારણકે આ કામના પ્રતિવાદી દ્ધારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ છે કે કેમ તે નક્કી કરવા માટે માત્ર કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર-૧ દ્ધારા આંક-૨૩ના લીસ્ટથી કરવામાં આવેલ નકશો અને પંચનામા પર આધાર રાખી શકાય નહિ. તે માટે વિસ્તૃત પુરાવાઓ લેવા જરૂરી જણાય છે.  આ ઉપરાંત સદર દબાણ માત્ર આ કામના પ્રતિવાદી દ્ધારા કરવામાં આવેલ હોવાનુ જણાતુ નથી. કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર-૧ દ્ધારા આંક-૨૩ના લીસ્ટથી કરવામાં આવેલ નકશો

અને પંચનામા મુજબ બંન્ને પક્ષકારો દ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ હોવાનુ જણાય છે. જેથી આ કામના વાદી સ્વચ્છ હાથે આવેલ નથી અને  તેઓ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.  આ ઉપરાંત કોર્ટ કમિશ્નર, સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની કચેરી ના મેન્ટેનન્સ સર્વેયર–૧ દ્વારા આંક–૨૩ના લીસ્ટથી કરવામાં આવેલ નકશો અને પંચનામા મુજબ આ કામના પ્રતિવાદીએ સરકારી જમીનમાં પાકુ બાંધકામ કરી દબાણ કરેલ છે જેનુ ક્ષેત્રફળ ૦૫–૬૧ ચો.મી. થાય છે. જ્યારે આ કામના વાદી દ્વારા પ્રતિવાદીની જમીનમાં પાકુ બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ છે, જેનુ ક્ષેત્રફળ ૦૨–૬૭ ચો.મી. થાય છે

24. જો આ તબક્કે સદરહુ કોર્ટ કમિશ્નરનો રીપોર્ટ પર જો આધાર રાખવામાં આવેતો  આ કામના વાદી દ્વારા પ્રતિવાદીની જમીનમાં પાકુ બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ છે, જેનુ ક્ષેત્રફળ ૦૨–૬૭ ચો.મી. થાય છે, જેથી પણ આ કામાના વાદીની તરફેણમાં સગવડ અગવડની સમતુલા નથી. કે તેઓની તરફેણમાં વચગાળાનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને  નાણામાં ન માંપી શકાય તેવુ નુકશાન થાય તેવી શક્યતા જણાતી નથી. આ ઉપરાંત  વચગાળાના મનાઇ હુકમ સંદર્ભે આ કામના વાદી દ્વારા આદેશાત્મક સ્વરૂપની દાદ જેવી કે પ્રતિવાદી દ્વરા કરવામાં આવેલ પાકુ બાંધકામ કરી દબાણ કરવામાં આવેલ છે તે બાંધકામ તાત્કાલીક દૂર કરવા સ્વરૂપની દાદ માંગેલ હોવાથી સદરહુ આદેશાત્મક દાદ મંજૂર કરતા પહેલા પુરાવાઓ લેવા આવશ્યક હોવાનુ આ તબક્કે જણાય છે. કારણકે પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ બાંધકામ

ગેરકાયદેસર છે કે કેમ તે આ તબક્કે પુરાવાઓ લીધા વગર નક્કી થઇ શકે તેમ નથી. જેથી ઉપરોક્ત ચર્ચા કર્યા પ્રમાણે આ કામના વાદી દ્વારા આપવામાં આવેલ આંક–૫ વચગાળાના મનાઇ હુકમની અરજી નો નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે.

## –::આખરી હુકમ::–

1. વાદી દ્વારા આપવામાં આવેલ આંક–૫ વચગાળાના મનાઇ હુકમની અરજી નામંજૂર યાને રદ કરવામાં આવે છે.
2. ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

**Date :14/08/2015** **Mr Maheshkumar Ramjibhai Thakkar**
**Place : JAMBUSAR** **Principal Civil Judge & J.M.F.C.**
**GJ00963,**
**JAMBUSAR.**